**ⅹ પ્રેસ નોટ ⅹ** **તા.૧૬/૦૨/૨૦૨૪**

**લાઠી તાલુકાના જરખીયા ગામે લુંટ કરનાર ઈસમને પકડી પાડી, લુંટનો અનડીટેક્ટ ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ**

## ➡ ગુનાની વિગતઃ-

ગીતાબેન વા/ઓ. કાળુભાઇ વલ્લભભાઇ સભાયા, ઉ.વ.૫૮, રહે.જરખીયા, રાજપરા પ્લોટ, તા.લાઠી, જિ.અમરેલી વાળાના રહેણાંક મકાને ગઇ તા.૨૩/૧૨/૨૦૨૩ ના રાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યે અજાણ્યા ઇસમો દિવાલ કુદીને ઘરમાં પ્રવેશ કરી, રૂમના દરવાજાના નકુચા તોડી, રૂમમાં પ્રવેશ કરી, ગીતાબેનનું મોઢાના ભાગે હાથ વડે દાબી, લોખંડના પાઇપથી માર મારી, મુંઢ ઇજાઓ કરી, કાંઇ બોલીશ તો જાનથી મારી નાખવી પડશે તેવી ધમકી આપી, કબાટ તેમજ પર્સમાં રાખેલ રોકડા રૂ.૧૨,૦૦૦/- તેમજ એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૨૨,૦૦૦/- ના મુદ્દામાલની સમાન ઈરાદો પાર પાડી, લુંટ કરી નાશી જઇ ગુનો કરેલ હોય, જે અંગે ગીતાબેનએ અજાણ્યા આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **લાઠી પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૪૨૩૦૩૩૫/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૪, ૩૮૨, ૪૫૦, ૩૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી ગૌતમ પરમાર સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ગંભીર અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓએ આ પ્રકારના ગંભીર અનડીટેક્ટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી એ. એમ. પટેલ** નાઓની રાહબરી હેઠળ **એલ.બી.ટીમ** દ્વારા ઉપરોક્ત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૪ નાં લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ કરવાની ટેવ વાળા ઇસમો અંગે પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે કિશોર સુરાભાઇ વાઘેલા રહે. મોટા દેવળીયા વાળાને પકડી પાડી, મજકુર ઇસમની સઘન પુછ પરછ કરતા ઉપરોક્ત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીને આગળની કાર્યવાહી થવા લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

## ➡ પકડાયેલ આરોપીઃ-

કિશોર ઉર્ફે રાજુ ઉર્ફે પંકેશ સુરાભાઇ વાઘેલા, ઉ.વ.૪૦, રહે.મોટા દેવળીયા, તા.બાબરા, જિ.અમરેલી.

## ➡ પકડવાના બાકી આરોપીઃ-

(૧) જેન્તી ગોબરભાઇ માથાસુળીયા રહે.રાંઢીયા, તા.જિ.અમરેલી.
(૨) હરેશ કેશુભાઇ માથાસુળીયા, રહે.બગસરા

## ➡ પકડાયેલ આરોપીની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-

આજથી આશરે દોઢેક માસ પહેલા પકડાયેલ આરોપી તથા સહ આરોપી જેન્તી ગોબરભાઇ તથા હરેશ કેશુભાઇ એમ ત્રણેય જણા લાઠી તાલુકાના જરખીયા ગામે ભેગા થયેલા અને જરખીયા ગામે બંધ મકાનમાં ચોરી કરવાનો પ્લાન બનાવેલ. બાદ ત્રણેય જણા રાત્રીના જરખીયા ગામે પેદલ ચાલી, પ્લોટ વિસ્તારમાં ગયેલ અને એક બંધ મકાન જોવામાં આવતા તે મકાનમાં દિવાલ કુદીને અંદર ગયેલ હોય, રૂમનો દરવાજાના નકુચા તોડી અંદર જતા આ મકાનમાં એક બહેન હોય, જે બહેનને પાઇપ વડે માર મારી, ડરાવી ધમકાવી રૂમમાં કબાટ તેમજ બીજા રૂમમાં પર્સમાંથી રોકડ રૂપિયા તેમજ મોબાઇલ ફોનની ચોરી કરી જતા રહેલ અને બાદમાં મોબાઇલ ફોન બંધ ન થતા, મોબાઇલ ફોન તોડી નાખી દીધેલ હોવાની હકિકત જણાવેલ છે.

## ➡ પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસઃ-

પકડાયેલ આરોપી કિશોર સુરાભાઇ વાઘેલા વિરૂધ્ધ નીચે મુજબનો ગુનો રજી. થયેલ છે.
(૧) અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૪૦/૨૦૧૩, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબ.
(૨) અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૨/૨૦૧૪, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબ.
(3) અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૬/૨૦૧૪, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪ મુજબ.
(૪) અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૧૧૨/૨૦૧૪, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબ.
(૫) અમરેલી રૂરલ પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૧/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૩૩૬, ૪૬૧, ૧૧૪ મુજબ.
(૬) જસદણ પો.સ્ટે. (જિ.રાજકોટ) ફ. ગુ.ર.નં.૪૦/૨૦૧૫, આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૪૭ મુજબ.
(૭) સોનગઢ પો.સ્ટે. (જિ.ભાવનગર) ફ. ગુ.ર.નં.૪૨/૨૦૧૬, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૫૧૧, ૧૧૪
(૮) ઉમરાળા પો.સ્ટે.(જિ.ભાવનગર) ફ.ગુ.ર.નં.૩૩/૨૦૧૬, આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ.

(૯) દામનગર પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૯/૨૦૧૮, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

(૧૦) આજીડેમ પો.સ્ટે. (રાજકોટ શહેર) ફ. ગુ.ર.નં.૧૨૩/૨૦૧૮, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

(૧૧) ભેસાણ પો.સ્ટે. (જિ.જુનાગઢ) ફ. ગુ.ર.નં.૩૨/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ.

(૧૨) દામનગર પો.સ્ટે. ફ. ગુ.ર.નં.૨૧/૨૦૧૯, આઇ.પી.સી. કલમ ૪૦૧, ૧૨૦બી, ૩૪ મુજબ.

(૧૩) બાબરા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૮૨૧૦૮૪૦/૨૦૨૧, આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ.

➯ **નામ. કોર્ટના પકડ વોરંટમાં વોન્ટેડની વિગતઃ-**

પકડાયેલ આરોપી કિશોર સુરાભાઇ વાઘેલા નીચે મુજબના નામ. કોર્ટના વોરન્ટમાં પકડવાનો બાકી હતો.

જ્યુ (૧)ડી. મેજી.ફ.ક. કોર્ટ લાઠીનાઓના ફો૨૦૧૯/૩૭૦.નં.કે., આઇ.પી.સી. કલમ ૪૦૧, ૧૨૦બી, ૩૪

જ્યુડી ચીફ.એડી (૨). મેજી. કોર્ટ,અમરેલીનાઓના ફો૨૦૧૫/૯૮૯.નં.કે.,આઇ.પી.સી. કલમ ૩૭૯, ૪૬૧, ૧૧૪

.એડી (૩) ચીફ જયુડી. મેજી. કોર્ટ,અમરેલીનાઓના ફો૨૦૧૫/૯૯૦.નં.કે.,આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧, ૧૧૪

ચીફ.એડી (૪)જયુડી. મેજી. કોર્ટ,અમરેલીનાઓના ફો૨૦૧૫/૯૯૧.નં.કે., આઇ.પી.સી. કલમ ૩૭૯,૪૬૧, ૧૧૪

જ્યુડી ચીફ.એડી (૫). મેજી. કોર્ટ, અમરેલીનાઓના ફો૨૦૧૫/૧૧૨૪.નં.કે., આઇ.પી.સી. કલમ ૩૭૯, ૩૩૬, ૪૬૧, ૧૧૪ મુજબ.

)૬ (એડી.ચીફ જ્યુડી. મેજી. કોર્ટ,અમરેલીનાઓના ફો.કે.નં.૧૨૧૯/૨૦૧૫,આઇ.પી.સી. કલમ ૪૫૭,૩૮૦

(૭)જયુડી. મેજી.ફ.ક. કોર્ટ, બાબરાનાઓના ફો.કે.નં.૮૭/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪, તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ.

ચીફ.એડી (૮)જયુડી. મેજી. કોર્ટ, કેશોદનાઓના ફો૨૦૧૦/૪૦૯.નં.કે., આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪

.મેજી જ્યુડી (૯) ફ. ક. કોર્ટ, ઉમરાળાનાઓના ફો૨૦૨૦/૧૧૯.નં.કે., આઇ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી એ.એમ.પટેલ** તથા **પો.સ.ઇ.શ્રી એમ.બી.ગોહિલ** તથા **એ.એસ.આઇ. જાવેદભાઇ ચૌહાણ, બહાદુરભાઇ વાળા,** તથા હેડ **કોન્સ. મનિષભાઇ જાની, લીલેશભાઇ બાબરીયા** તથા **પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, રાહુલભાઇ ઢાપા, વિનુભાઇ બારૈયા** દ્વારા કરવામાં આવેલ છે.